**Lalit M. Kalavadia**
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.:

Date : 06-10-2020

## -: હીસ્ટ્રી રીપોર્ટ કમ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ :-

હું નીચે સહી કરનાર શ્રી લલિત એમ. કાલાવડીયા એડવોકેટ-રાજકોટ આથી નીચે લખી મીલ્કત અંગેનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લખી આપુ છું:-

સદરહુ મીલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેર (દક્ષીણ)માં સમાવિષ્ટ થયેલ મોજે ગામ મવડી-૩ નાં રેવન્યુ સર્વે નં.૩૪૫ પૈકી ૧/પૈકી ૧ જેનાં ટી.પી. સ્કીમ નં.૨૭ (મવડી)નાં એફ.પી. નં.૧૮/૨ થી ફાળવેલ જમીન ચો.મી.આ.૩૪૦૭-૦૦ રહેણાંકનાં હેતુ માટે બિનખેડવાણ થતાં તેનાં બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળા પ્લોટ્સ પૈકી (સીંગલ યુનીટ) **એફ.પી. નં.૧૮/૨** ની નેટ જમીન ચો.મી.આ.૩૦૬૫-૭૫ ( તથા કોમન પ્લોટની ખુલ્લી જમીન ચો.મી.આ.૩૪૧-૨૫ મળી કુલ જમીન ચો.મી.આ.૩૪૦૭-૦૦ નાં તમામ પ્રકારનાં વપરાશનાં તમામ હક્કો અને અધિકારો સહિતની) ખુલ્લી જમીન ઉપર બાંધકામ કરેલ રહેણાંક તથા વાણીજય હેતુ માટેની લો-રાઈઝડ (Dwelling-3 +Mercantile-1) ઈમારતોનું સંકુલ કે જે **"ફલોરા પ્રાઈમ"** નાં નામથી ઓળખાય છે. જેનું આ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ કમ હિસ્ટ્રી રીપોર્ટ રેવન્યુ રેકર્ડઝ અને નીચે લખ્યા ટાઈટલ ડીડઝ તપાસીને લખી આપવામાં આવે છે.

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)
313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.:

Date : 06-10-2020



રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ મવડીનાં મુળ ખાતેદાર કણબી વાઘાનાં નામનું સ્વતંત્ર ખાતું હોય. તેઓનું જુના સયમથી ખાતુ ચાલતુ હોય. જે પાનુ રેવન્યુ રેકર્ડ ઉતારા માંથી ફાટી ગયેલ હોય. જેથી વિગત મળી શકે તેમ નથી તેવી ગામનો નમુનો હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૧, ૧૯૮ માં નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોકત રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ મવડીનાં મુળ ખાતેદાર કણબી વાઘાનાં નામનું સ્વતંત્ર ખાતું હોય. તેનાં ખાતે આવેલ જમીનમાં નવી માપણી કરાવતા નવી માપણી મુજબ માપણી રજીસ્ટરે લખ્યા મુજબ તેમનાં ખાતાની જમીનનાં નવાં આંકડા લખાઈ આવતા. **રેવન્યુ સર્વે નં.૩૪૫** ની જમીન એકર ૮-૧૩ ગુંઠા તથા અન્ય ખેડવાણ જમીનો આવેલ. તેની રેવન્યુ સર્વે મુજબ રેવન્યુ રેકર્ડમાં હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૨૬૪ નાં રોજ નોંધ પડાવેલ.

ત્યારબાદ મવડી ગામનાં ૮-અ નાં ખાતા નં.૧૬૪ થી પટેલ હરદાસ વાઘાનાં નામે ખેતીની ખેડવાણ જમીનનું ખાતુ ચાલતુ હોય. જે જમીનોમાં તેમનાં સીધીલીટીનાં વારસદારો વચ્ચે ઘરમેળે વહેંચણી થતાં કબ્જા પ્રમાણે હક્ક દાખલ કરી નોંધા પડાવેલ. જે મુજબ (૧) હરદાસ વાઘા (૨) દેવરાજ વાઘાનાં ભાગે વહેંચણી કરેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૧૪૯૦ થી નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોકત વિગતે ભાયુભાગે વહેંચણી થયા મુજબ ખેતીની ખેડવાણ જમીનમાં ખાતુ ચાલતુ હોય. તા.૦૭/૧૧/૧૯૮૯ નાં રોજ પટેલ હરદાસ વાઘાનું અવસાન થતાં તેમનાં સીધીલીટીનાં વાસદારોએ ગુજરનારનાં હિસ્સે ભાયુભાગે વહેંચણી થતાં ગામ મવડીનાં સર્વે નં.૩૪૫ પૈકી જમીન એકર ૪-૦૦ ગુંઠા તથા અન્ય ખેડવાણ જમીનોમાં નામ દાખલ કરવાની અરજી કરતા ગુજરનારનાં સીધીલીટીનાં વારસદારો (૧) દીવાળીબેન હરદાસ (૨) તેજાભાઈ હરદાસ (૩) રાણીબેન હરદાસ (૪) ભોજાભાઈ હરદાસ (૫) હેમીબેન હરદાસ (૬) અમરતબેન હરદાસ (૭) ચોથીબેન

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06-10-2020



હરદાસ (૮) જયાબેન હરદાસ (૯) વીજુબેન હરદાસનાં નામ દાખલ કરેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૨૯૬ થી નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે "ગુજરનાર પટેલ હરદાસ વાઘા" નાં સીધીલીટીનાં વારસદારોનાં સંયુક્ત નામ દાખલ કરાવેલ. જે વારસદારો પૈકી પટેલ તેજાભાઈ હરદાસનું તા.૦૫/૦૧/૧૯૯૦ નાં રોજ અવસાન થતાં ગુજરનારનાં સીધીલીટીનાં વારસદારોએ ગુજરનારનાં હિસ્સે આવતી ખેડવાણ જમીનમાં વારસદારો (૧) દુધીબેન તેજાભાઈ (૨) સવીતાબેન તેજાભાઈ (૩) કાંતાબેન તેજાભાઈ (૪) નથુભાઈ તેજાભાઈ (૫) સમજુબેન તેજાભાઈ (૬) મગન તેજાભાઈ (૭) ભાનુબેન તેજાભાઈ (૮)અરવીંદ તેજાભાઈનાં નામ રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૨૯૭ થી નોધાયેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે મોજે ગામ મવડીનાં રેવન્યુ સર્વે નં.૩૪૫ ની જમીન એકર ૪-૦૦ ગુંઠા "ગુજરનાર હરદાસભાઈ પટેલ" નાં વારસદારો (૧) દીવાળીબેન હરદાસ (૩) રાણીબેન હરદાસ (૪) ભોજાભાઈ હરદાસ (૫) હેમીબેન હરદાસ (૬) અમરતબેન હરદાસ (૭) ચોથીબેન હરદાસ (૮) જયાબેન હરદાસ (૯) વિજુબેન હરદાસ તથા "ગુજરનાર તેજાભાઈ હરદાસભાઈ" નાં વારસદારો (૧) દુધીબેન તેજાભાઈ (૨) સવીતાબેન તેજાભાઈ (૩) કાંતાબેન તેજાભાઈ (૪) નથુભાઈ તેજાભાઈ (૫) સમજુબેન તેજાભાઈ (૬) મગન તેજાભાઈ (૭) ભાનુબેન તેજાભાઈ (૮)અરવીંદ તેજાભાઈનાં સંયુક્ત કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ. તમામ વારસદારો તેઓની ઉપરોક્ત સંયુક્ત માલીકીની મિલ્કત અંગે તમામ પ્રકારની કાયદેશરની કાર્યવાહી કરવા તા.૧૭/૦૩/૧૯૯૪ નાં રોજ જમનાદાસભાઈ નારણભાઈ પટેલ જોગ રદ ન થઈ શકે તેવું કુલમુખત્યારનામું કરી આપેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે આપેલ કુલમુખત્યારનામાને આધારે વારસદારોએ તેઓની ઉપરોક્ત સંયુક્ત માલીકીની મિલ્કતનું વેચાણ કરતા અને તે ખેડવાણ જમીન ગોવાભાઈ આપાભાઈ ખાચરએ ખરીદ કરવાનું નક્કી કરતા તેઓની વચ્ચે અનુક્રમ નં.૧૫૯,

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)
313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06-10-2020



તા.૦૪/૦૧/૧૯૯૬ નાં રોજ (૧) દિવાળીબેન હરદાસભાઈ પટેલ વિગેરે..(૧૬) નાં કુલમુખત્યાર દરજ્જે જમનાદાસ નારણભાઈ પટેલએ વેચાણ દસ્તાવેજ કરી આપેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૮૬૪ થી નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે ખરીદ કરેલ ખેડવાણ જમીન ગોવાભાઈ આપાભાઈ ખાચરનાં કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ. જે ખેડવાણ જમીન તેઓએ મુકેશકુમાર જમનભાઈ પટેલને વેચાણ કરતા અનુક્રમ નં.૪૩૧૩, તા.૩૧/૦૮/૧૯૯૯ નાં રોજ તેઓની વચ્ચે વેચાણ દસ્તાવેજ થયેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૧૨૬૪ થી નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે ખરીદ કરેલ ખેડવાણ જમીન મુકેશકુમાર જમનભાઈ પટેલનાં કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ. જે ખેડવાણ જમીન તેઓએ (૧) રામભાઈ પરબતભાઈ આહીર તથા (૨) અશ્વિન મેણંદભાઈ ખીમાણીયાને વેચાણ કરતા અનુક્રમ નં.૫૨૫૫, તા.૧૪/૦૯/૨૦૦૪ નાં રોજ તેઓની વચ્ચે વેચાણ દસ્તાવેજ થયેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૧૯૮ થી નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે સંયુક્ત નામે ખરીદ કરેલ (૧) રામભાઈ પરબતભાઈ આહીર તથા (૨) અશ્વિન મેણંદભાઈ ખીમાણીયાનાં કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ. જે ખેડવાણ જમીન તેઓએ શ્રી જીતેન્દ્રભાઈ પ્રાણલાલ ખારાને વેચાણ કરતા અનુક્રમ નં.૫૧૯૩, તા.૦૬/૦૭/૨૦૦૫ નાં રોજ તેઓની વચ્ચે વેચાણ દસ્તાવેજ થયેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૨૯૩ થી નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે ખરીદ કરેલ ગામ મવડીનાં રેવન્યુ સર્વે નં.૩૪૫ પૈકીની ખેડવાણ જમીન એકર ૪-૦૦ ગુંઠા શ્રી જીતેન્દ્રભાઈ પ્રાણલાલ ખારાનાં સુવાંગ અને સ્વતંત્ર કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ. જે ખેડવાણ જમીન તેઓએ વેચાણ કરતા અને (૧) ગોરધનભાઈ ધનજીભાઈ ગધેથરીયા (૨) તુલસીભાઈ પરસોત્તમભાઈ સીદપરા (૩) અમીતકુમાર ભાદાભાઈ અકબરી (૪) વિઠ્ઠલભાઈ ગોપાલભાઈ સીદપરા

LALIT M. KALAVADIA ADVOCATE RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06-10-2020



(૫) જયસુખભાઈ વલ્લભભાઈ વસોયાને વેચાણ કરતા અનુક્રમ નં.૫૭૬૧, તા.૧૮/૦૪/૨૦૦૭ (નોંધ્યા તા.૨૪/૦૪/૨૦૦૭) નાં રોજ તેઓની વચ્ચે વેચાણ દસ્તાવેજ થયેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૭૪૨ થી નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે સંયુક્ત રીતે ખરીદ કરેલ ખેડવાણ જમીન (૧) ગોરધનભાઈ ધનજીભાઈ ગધેથરીયા (૨) તુલસીભાઈ પરસોત્તમભાઈ સીદપરા (૩) અમીતકુમાર ભાદાભાઈ અકબરી (૪) વિઠ્ઠલભાઈ ગોપાલભાઈ સીદપરા (૫) જયસુખભાઈ વલ્લભભાઈ વસોયાનાં સંયુક્ત કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ. જે જમીન તેઓએ (૧) મીનાક્ષીબેન મગનભાઈ પટેલ તે અશોકભાઈ મોતીભાઈ પટેલનાં ધર્મપત્નિ (૨) કલ્પનાબેન કીશોરભાઈ કોટેચાને વેચાણ કરતા અનુક્રમ નં.૧૫૫, તા.૦૫/૦૧/૨૦૦૯ નાં રોજ તેઓની વચ્ચે વેચાણ દસ્તાવેજ થયેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૧૭૦૦ થી નોંધાયેલ. તેમજ રેવન્યુ રેકર્ડમાં અવેજની રકમ ખોટી લખાય જતા તે અંગેની સુધારા નોંધ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૧૭૪૧ થી સુધારા નોંધ પડાવેલ.

ત્યારબાદ ઉપરોક્ત વિગતે ખરીદ કરેલ ખેડવાણ જમીન (૧) મીનાક્ષીબેન મગનભાઈ પટેલ તે અશોકભાઈ મોતીભાઈ પટેલનાં ધર્મપત્નિ (૨) કલ્પનાબેન કીશોરભાઈ કોટેચાનાં સંયુક્ત કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ. જે ખેડવાણ જમીનમાં પ્રાદેશીક ફેરફાર થતાં નવા ગામ તરીકે દાખલ થતાં સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક તથા મામલતદારશ્રી રાજકોટ તાલુકાનાં તેમજ મામલતદારશ્રી રાજકોટ શહેર (દક્ષીણ)નાં હુકમ મુજબ પ્રાદેશીક ફેરફાર થતાં રાજકોટ તાલુકાનાં ઈ-ધરામાં સમાવિષ્ટ મવડી-૩ ગામનો રાજકોટ શહેર (દક્ષીણ) માં સમાવેશ થયેલ. જે મુજબ ગામ મવડીનાં રેવન્યુ સર્વે નં.૩૪૫ પૈકી ૧/ પૈકી ૧ ની જમીન એકર ૦-૩૪-૦૭ તથા અન્ય ખેડવાણ જમીનો અંગેની પ્રાદેશીક ફેરફારની નોંધ રેવન્યુ રેકર્ડ હક્કપત્રક નં.૬ માં નોંધ નં.૩૭૧૩ થી નોંધાયેલ.

LALIT M. KALAVADIA ADVOCATE RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)
313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06 - 10 - 2020



ત્યારબાદ સદરહુ ઉપરોકત ખેડવાણ જમીનમાં ટી.પી. સ્કીમ આવતા ટી.પી. સ્કીમ નં.૨૭ (મવડી) મુજબ મુળ ખંડ નં.૧૮, અંતીમ ખંડ નં.૧૮/૨ મુજબ જમીન ચો.મી.આ.૩૪૦૭-૦૦, કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૩૪૧-૨૫ બાદ જતાં બાકી રહેતી નેટ જમીન ચો.મી.આ.૩૦૬૫-૭૫ થયેલ. જે જમીન રહેણાંકનાં હેતુ માટે બિનખેડવાણ કરવાનું નક્કી કરતા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, રાજકોટ, કલેકટર કચેરી, જીલ્લા સેવા સદન, શ્રોફ રોડ, રાજકોટનાં બિનખેતી હુકમ નં.૫૬/૦૯/૧૮/૧૧૨/૨૦૧૯, તા.૦૩/૦૫/૨૦૧૯ નાં રોજ મેળવેલ અને તે મુજબ જમીન આંકવા-ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નં.૫૩, તા.૧૮/૦૯/૨૦૧૯ થી મેળ -વેલ અને તે મુજબનો લે-આઉટ પ્લાન (૧) મીનાક્ષીબેન મગનભાઈ પટેલ તે અશોકભાઈ મોતીભાઈ પટેલનાં ધર્મપત્નિ (૨) કલ્પનાબેન કીશોરભાઈ કોટેચાનાં સંયુકત નામે ગામ મવડી-૩ (રાજકોટ-દક્ષીણ) નાં રેવન્યુ સર્વે નં.૩૪૫ પૈકી ૧ પૈકી ૧ જેમાં ટી.પી. સ્કીમ નં.૨૭ આવતાં એફ.પી. નં.૧૮/૨ મુજબ નેટ જમીન ચો.મી.આ.૩૦૬૫-૭૫ તથા કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૩૪૧-૨૫ મળી કુલ જમીન ચો.મી.આ.૩૪૦૭-૦૦ મુજબનો બિનખેતી લે-આઉટ પ્લાન મંજુર કરાવેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં બિનખેતી નોંધ નં.૪૧૦૪ થી નોંધાયેલ.

ત્યારબાદ ઉપરોકત વિગતે બિનખેડવાણ જમીન (૧) મીનાક્ષીબેન મગનભાઈ પટેલ તે અશોકભાઈ મોતીભાઈ પટેલનાં ધર્મપત્નિ (૨) કલ્પનાબેન કીશોરભાઈ કોટેચાનાં કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ. જે બિનખેડવાણ જમીન તેઓને (૧) ગોવિંદભાઈ નારણદાસ અઘેરા (૨) હિમાંશુભાઈ અરજણભાઈ લાલાણી (૩) બંસરીબેન રાજેન્દ્રકુમાર ઝાટકીયા (૪)વલ્લલભાઈ ગિરધરભાઈ કણસાગરા (૫) અશ્વિનભાઈ નાનજીભાઈ વાછાણી (૬) દિલીપકુમાર વિઠ્ઠલભાઈ ગોવાણી (૭) દર્શનકુમાર દિલીપભાઈ કનેરીયા (૮) ધવલ વલ્લભભાઈ પટેલ (૯) રાહુલ કાંતિલાલ વિરમગામા (૧૦) કૈલેશકુમાર છગનભાઈ દલસાણીયાને વેચાણ કરતા તેઓની વચ્ચે અનુક્રમ નં.૫૮૩૩, તા.૧૯/૦૮/૨૦૧૯ નાં રોજ વેચાણ દસ્તાવેજ થયેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડ ગામનો નમુનો નં.૨ માં નોંધ નં.૧૬૯૮ થી નોંધાયેલ.

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.:

Date : 06-10-2020



ત્યારબાદ ઉપરોકત વિગતે સંયુકત રીતે ખરીદ કરેલ રાજકોટ શહેર (દક્ષીણ)માં સમાવિષ્ટ થયેલ મોજે ગામ મવડી-૩ નાં રેવન્યુ સર્વે નં.૩૪૫ પૈકી ૧/ પૈકી ૧ જેનાં ટી.પી. સ્કીમ નં.૨૭ (મવડી)નાં એફ.પી. નં.૧૮/૨ થી ફાળવેલ જમીન ચો.મી.આ.૩૪૦૭-૦૦ રહેણાંકનાં હેતુ માટે બિનખેડવાણ થતાં તેનાં બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટ્સ પૈકી (સીંગલ યુનિટ) એફ.પી. નં.૧૮/૨ ની નેટ જમીન ચો.મી.આ.૩૦૬૫-૭૫ તથા કોમન પ્લોટની ખુલ્લી જમીન ચો.મી.આ.૩૪૧-૨૫ મળી કુલ જમીન ચો.મી.આ.૩૪૦૭-૦૦ નાં તમામ પ્રકારનાં વપરાશનાં તમામ પ્રકારના હક્કો અને અધિકારો સહિત આવેલ. જે બિનખેડવાણ જમીન તેઓએ વેચાણ કરતા અને **"સોનેટા રીયલ્ટી એલ.એલ.પી."** નાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારોએ ખરીદ કરતા અનુક્રમ નં.૨૯૫૨, તા.૨૪/૦૬/૨૦૨૦ નાં રોજ તેઓની વચ્ચે વેચાણ દસ્તાવેજ થયેલ.

ત્યારબાદ ઉપરોકત વિગતે ખરીદ કરેલ **"સોનેટા રીયલ્ટી એલ.એલ.પી."** નાં નામથી ચાલતી ભાગીદારી પેઢીએ તેમની ઉપરોકત માલીકીની જમીનમાં રહેણાંક તથા વાણીજય હેતુ માટેની લો-રાઈઝડ ઈમારતોનું બાંધકામ કરવાનું નક્કી કરતા રાજકોટ મહાનગરપાલીકામાંથી બાંધકામ પરવાનગી (ર.ચી. નં.) નં.૧૮૧, તા.૧૫/૦૯/૨૦૨૦ નાં રોજ મેળવેલ અને તે મુજબનો આરંભ પ્રમાણપત્ર તથા બિલ્ડીંગ પ્લાન મંજુર કરાવી રહેણાંક હેતુની લો-રાઈઝડ (Dwelling-3 +Mercantile-1) ઈમારતોનું બાંધકામ કરવાનું નક્કી કરેલ. તેમાં **(૭)-સાત માળનાં** રહેણાંક તથા વાણીજય હેતુની કુલ **(૫)-પાંચ** લો-રાઈઝ (Dwelling-3 +Mercantile-1) ઈમારતોનું બાંધકામ કરવાનું નક્કી કરેલ. જેમાં વિંગ નં."એ", "બી", "સી", "ડી" તથા "ઈ" એમ કુલ પાંચ-(૫)

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06-10-2020



ઈમારતોનું બાંધકામ કરવાનું નક્કી કરેલ. સદરહુ સુવિધા વાળી ઈમારતોની પરીયોજનાને ભાગીદારી પેઢીનાં ભાગીદારો એ "ફ્લોરા પ્રાઈમ" નામ આપવાનું નક્કી કરેલ.

<u>"ફ્લોરા પ્રાઈમ" નાં નામથી બાંધકામ થનાર ઈમારતોના સમુહમાં આવેલ વિંગ-"એ", "બી", "સી","ડી" તથા "ઈ" ને લગતા ટાઈટલ ડીડઝની યાદી :-</u>

(૦૧) રાજકોટ મહાનગરપાલીકા માંથી મેળવેલ બાંધકામ પરવાનગી નં.૧૮૧, તા.૧૫/૦૯/૨૦૨૦, આરંભ પ્રમાણપત્ર તથા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન અસલ.

(૦૨) "સોનેટા રીયલ્ટી એલ.એલ.પી." નાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારોનાં નામનો ગામનો નમુનો નં.૨ ની ખરી નકલ.

(૦૩) અનુક્રમ નં.૨૯૫૨, તા.૨૪/૦૬/૨૦૨૦ નાં રોજ "સોનેટા રીયલ્ટી એલ.એલ.પી." નાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદાર તથા અન્ય ભાગીદારો વતી વહીવટકર્તા દરજ્જે (૧) નરેન્દ્રકુમાર નાથાભાઈ વૈશ્નાણી, (૨) મનીષકુમાર રતીલાલ સાણંદીયા જોગ (૧) ગોવિંદભાઈ નારણભાઈ અઘેરા વિગેરે..(૧૦) એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

(૦૪) શ્રી ગોવિંદભાઈ નારણભાઈ અઘેરા વિગેરે...(૧૦) નાં નામનાં રેવન્યુ રેકર્ડ ગામનો નમુનો નં.૨ માં નોંધ નં.૧૬૯૮ થી નોંધાયેલ. તેની ખરી નકલ.

(૦૫) અનુક્રમ નં.૫૮૩૩, તા.૧૯/૦૮/૨૦૧૯ નાં રોજ ગોવિંદભાઈ નારણભાઈ અઘેરા વિગેરે...(૧૦) જોગ શ્રી મીનાક્ષી મગનભાઈ પટેલ તે અશોક મોતીભાઈનાં ધર્મપત્નિ (૨) શ્રી કલ્પનાબેન કિશોરભાઈ કોટેચાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

(૦૬) જમીન આંકવા/ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નં.૫૩, તા.૧૮/૦૯/૨૦૧૯ તથા મંજુર થયેલ લે-આઉટ પ્લાનની ખરી નકલ.

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06-10-2020



(૦૭) (૧)શ્રી મીનાક્ષી મગનભાઈ પટેલ તે અશોક મોતીભાઈનાં ધર્મપત્નિ (૨) શ્રી કલ્પનાબેન કિશોરભાઈ કોટેચાનાં નામનો બીનખેતી હુકમ નં.૫૬/૦૯/૧૮/૧૧૨/૨૦૧૯, તા.૦૩/૦૫/૨૦૧૯ નાં કલેકટરશ્રી રાજકોટએ કરેલ બિનખેતી હુકમની ખરી નકલ.

(૦૮) અનુક્રમ નં.૧૫૫, તા.૦૫/૦૧/૨૦૦૯ નાં રોજ (૧)શ્રી મીનાક્ષી મગનભાઈ પટેલ તે અશોક મોતીભાઈનાં ધર્મપત્નિ (૨) શ્રી કલ્પનાબેન કિશોરભાઈ કોટેચા જોગ ગોરધનભાઈ ધનજીભાઈ ગધેથરીયા વિગેરે...એ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

(૦૯) અનુક્રમ નં.૫૭૬૧, તા.૧૮/૦૪/૨૦૦૭ (નોંધ્યા તા.૨૪/૦૪/૨૦૦૭) નાં રોજ ગોરધનભાઈ ધનજીભાઈ ગધેથરીયા વિગેરે...જોગ જીતેન્દ્રભાઈ પ્રાણલાલ ખારાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

(૧૦) અનુક્રમ નં.૫૧૯૩, તા.૦૬/૦૭/૨૦૦૫ નાં રોજ જીતેન્દ્રભાઈ પ્રાણલાલ ખારા જોગ રામભાઈ પરબતભાઈ આહીર તથા અશ્વિન મેણંદભાઈ ખીમાણીયાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

(૧૧) અનુક્રમ નં.૫૨૫૫, તા.૧૪/૦૯/૨૦૦૪ નાં રોજ રામભાઈ પરબતભાઈ આહીર તથા અશ્વિન મેણંદભાઈ ખીમાણીયા જોગ મુકેશકુમાર જમનભાઈ પટેલએ કરે આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

(૧૨) અનુક્રમ નં.૪૩૧૩, તા.૩૧/૦૮/૧૯૯૯ નાં રોજ મુકેશકુમાર જમનભાઈ પટેલ જોગ ગોવાભાઈ આપાભાઈ ખાચરએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

(૧૩) અનુક્રમ નં.૧૫૯, તા.૦૪/૦૧/૧૯૯૬ નાં રોજ ગોવાભાઈ આપાભાઈ ખાચર જોગ દિવાળીબેન હરદાસભાઈ પટેલ વિગેરે..નાં કુલમુખત્યાર શ્રી જમનાદાસ નારણભાઈ પટેલએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06-10-2020



(૧૪) તા.૧૭/૦૩/૧૯૯૪ નાં રોજ દિવાળીબેન હરદાસભાઈ પટેલ વિગેરે...એ શ્રી જમનાદાસ નારણભાઈ પટેલ જોગ કરી આપેલ રદ ન થઈ શકે તેવું કુલમુખત્યારનામાની નકલ.

(૧૫) રાજકોટ મહાનગરપાલીકા ટાઉન પ્લાનીંગ શાખા-રાજકોટએ આપેલ કબજા સોંપવા/લેવા અંગેનું રોજકામની ખરી નકલ.

(૧૬) ટી.પી. સ્કેચ તથા પુનઃવહેંચણી પત્રકની ખરી નકલ.

(૧૭) ઝોન સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની ખરી નકલ.

(૧૮) ટીપ્પણની ખરી નકલ.

(૧૯) ઉતરોતરનાં રેવન્યુ રેકર્ડઝ ગામનો નમુનો ૭/૧૨, ૮-અ, હક્કપત્રક નં.૬ માં નોંધ (પ્રમોલગેશન) ની ખરી નકલ.

**-: પરિશિષ્ટ-"૧" (મિલ્કતનું વર્ણન) (પાર્કિંગ વિગેરે... સહિત) :-**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેર (દક્ષીણ)માં સમાવિષ્ટ થયેલ મોજે ગામ મવડી-૩ નાં રેવન્યુ સર્વે નં.૩૪૫ પૈકી ૧/પૈકી ૧ જેનાં ટી.પી. સ્કીમ નં.૨૭ (મવડી)નાં એફ.પી. નં.૧૮/૨ થી ફાળવેલ જમીન ચો.મી.આ.૩૪૦૭-૦૦ રહેણાંકનાં હેતુ માટે બિનખેડવાણ થતાં તેનાં બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળા પ્લોટ્સ પૈકી (સીંગલ યુનીટ) **એફ.પી. નં.૧૮/૨** ની નેટ જમીન ચો.મી.આ.૩૦૬૫-૭૫ (તથા કોમન પ્લોટની ખુલ્લી જમીન ચો.મી.આ.૩૪૧-૨૫ મળી કુલ જમીન ચો.મી.આ.૩૪૦૭-૦૦ નાં તમામ પ્રકારનાં વપરાશનાં તમામ હક્કો અને અધિકારો સહિતની) ખુલ્લી જમીન ઉપર બાંધકામ થનાર રહેણાંક તથા વાણીજય હેતુ માટેની લો-રાઈઝડ **(Dwelling-3 +Mercantile-1)** ઈમારતોનું સંકુલ કે જે **"ફલોરા પ્રાઈમ"** નાં નામથી ઓળખાય છે. જેમાં કુલ (૫)-પાંચ વિંગ નં.**"એ"**, **"બી"**, **"સી"**, **"ડી"** તથા **"ઈ"** નું બાંધકામ થનાર છે.

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date :



**-: કોમન પ્લોટ (કલબ હાઉસ):-**

**ગ્રાઉન્ડ ફલોરમાં :-** મલ્ટી પર્પઝ હોલ, ઓફીસ તથા સીડીનું બાંધકામ થનાર છે.

આ ઉપરાંત **"ફલોરા પ્રાઈમ"** માં વિંગ નં.**"એ"**, **"બી"**, **"સી"**, **"ડી"** તથા **"ઈ"** નું બાંધકામ થનાર છે. જે બિલ્ડીગોમાં બેઝમેન્ટમાં નીચે મુજબની સુવીધાનું બાંધકામ થનાર છે.

**બેઝમેન્ટમાં :-** કવર્ડ પાર્કિંગ, પાંચ સીડી, નવ લીફ્ટ, પાંચ પેસેજ તથા બે-રેમ્પનું બાંધકામ થનાર છે.

**"ફલોરા પ્રાઈમ"** ઈમારત માંહેથી વિંગ નં.**"એ"**, **"સી"** તથા **"ઈ"** એમ ત્રણેય વિંગસમાં નીચે મુજબનું બાંધકામ થનાર છે.

**ગ્રાઉન્ડ ફલોરમાં :-** વિસ દુકાન, વિસ ડબલ્યુ.સી., એક જેન્ટસ તથા એક લેડીઝ ટોયલેટ બ્લોક, એક હેન્ડીકેપ ટોયલેટ, કવર્ડ પાર્કિંગ, ત્રણ સીડી, પાંચ લીફ્ટ તથા ત્રણ પેસજનું બાંધકામ થનાર છે.

**-: વિંગ નં."એ" :-**

**ફર્સ્ટ ફલોરમાં :-** લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ તથા બે ટેરેસ એવું એક યુનીટ તથા
લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ તથા ટેરેસ એવું એક યુનીટ તથા
લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ એવા બે યુનીટ તથા સીડી બે લીફ્ટ, તથા પેસેજનું બાંધકામ થનાર છે.

**સેકન્ડ ફલોરથી સેવન્થ ફલોરમાં:-** લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ એવા ચાર યુનીટ તથા સીડી, બે લીફ્ટ તથા પેસેજનું બાંધકામ થનાર છે, એમ વિંગ નં."એ" માં એક માળે (૪)-ચાર એમ મળી સમગ્ર વિંગમાં કુલ અઠયાવીસ-(૨૮) એપાર્ટમેન્ટ (ફલેટ)નું બાંધકામ થનાર છે.

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.:

Date : 06-10-2020



-: વિંગ નં."સી" :-

**ફર્સ્ટ ફલોરમાં :-** લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ તથા બે ટેરેસ એવા બે યુનીટ તથા
લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ એવા બે યુનીટ તથા સીડી, બે લીફટ તથા પેસેજનું બાંધકામ થનાર છે.

**સેકન્ડ ફલોરથી સેવન્થ ફલોરમાં:-** લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ એવા ચાર યુનીટ તથા સીડી, બે લીફટ તથા પેસેજનું બાંધકામ થનાર છે, એમ વિંગ નં."સી" માં એક માળે ચાર-(૪) એમ મળી સમગ્ર વિંગમાં કુલ અઠયાવીસ-(૨૮) એપાર્ટમેન્ટ (ફલેટ)નું બાંધકામ થનાર છે.

-: વિંગ નં."ઈ" :-

**ફર્સ્ટ ફલોરમાં :-** લીવીંગ, ડાયનીંગ, કિચન, ત્રણ બેડરૂમ, ત્રણ ટોયલેટ, વોશ, વોશ બેસીન, પોર્ચ તથા ટેરેસ એવુ એક યુનીટ તથા
લીવીંગ, ડાયનીંગ, કિચન, ત્રણ બેડરૂમ, ત્રણ ટોયલેટ, વોશ, વોશ બેસીન, પોર્ચ એવું એક યુનીટ તથા સીડી, લીફટ તથા પેસેજનું બાંધકામ થનાર છે.

**સેકન્ડ ફલોરથી સેવન્થ ફલોરમાં:-** લીવીંગ, ડાયનીંગ, કિચન, ત્રણ બેડરૂમ, ત્રણ ટોયલેટ, વોશ, વોશ બેસીન, પોર્ચ એવા બે યુનીટ તથા સીડી, લીફટ તથા પેસેજનું બાંધકામ થનાર છે, એમ વિંગ નં."ઈ" માં એક માળે બે-(૨) એમ મળી સમગ્ર વિંગમાં કુલ ચૌદ-(૧૪) એપાર્ટમેન્ટ (ફલેટ)નું બાંધકામ થનાર છે.

-: વિંગ નં."બી" :-

**ગ્રાઉન્ડ ફલોરમાં :-** કવર્ડ પાર્કિંગ, સીડી, બે લીફટ, પેસેજ તથા રેમ્પનું બાંધકામ થનાર છે.

**ફર્સ્ટ ફલોરથી સેવન્થ ફલોર :-** લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ એવા, ચાર યુનીટ તથા સીડી, બે લીફટ તથા પેસેજનું બાંધકામ થનાર છે, એમ વિંગ નં."બી" માં એક માળે (૪)-ચાર એમ મળી સમગ્ર વિંગમાં કુલ અઠયાવીસ-(૨૮) એપાર્ટમેન્ટ (ફલેટ)નું બાંધકામ થનાર છે.

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

**Lalit M. Kalavadia**
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06-10-2020



**-: વિંગ નં."ડી" :-**

**ગ્રાઉન્ડ ફલોરમાં :-** કવર્ડ પાર્કિંગ, સીડી, બે લીફટ, પેસેજનું બાંધકામ થનાર છે.

**ફર્સ્ટ ફલોરથી સેવન્થ ફલોર :-** લીવીંગ, ડાયનીંગ, કિચન, બે બેડરૂમ, બે ટોયલેટ, બે પોર્ચ એવા, ચાર યુનીટ તથા સીડી, બે લીફટ તથા પેસેજનું બાંધકામ થનાર છે, એમ વિંગ નં."ડી" માં એક માળે (૪)-ચાર એમ મળી સમગ્ર વિંગમાં કુલ અઠયાવીસ-(૨૮) એપાર્ટમેન્ટ (ફલેટ)નું બાંધકામ થનાર છે.

આવી રીતે કુલ પાંચ-(૫) વિંગસ એમ તમામ વિંગમાં ગ્રાઉન્ડ ફલોરથી સેવન્થ ફલોર સુધીનું બાંધકામ થનાર છે. જેમાં બે-(૨) બેડરૂમની સુવીધા વાળા એક માળે (૪)-ચાર યુનીટ મળી કુલ-(૧૧૨) એપાર્ટમેન્ટ (ફલેટ) તથા ત્રણ-(૩) બેડરૂમની સુવીધા વાળા એક માળે (૨)-બે યુનીટ મળી કુલ-(૧૪) એપાર્ટમેન્ટ (ફલેટ) તથા વિંગ નં."એ", "સી" તથા "ઈ" માં ગ્રાઉન્ડ ફલોરમાં કુલ વિસ-(૨૦) વાણીજય હેતુની દુકાનોનું બાંધકામ થનાર છે. જે સમગ્ર ઈમારત "ફલોરા પ્રાઈમ" ની ચતુ:ર્સિમા નીચે મુજબ છે.

<u>ચતુ:ર્સિમા</u>

| | | |
|---|---|---|
| ઉત્તરે | :- | લાગુ એફ.પી. નં.૨૨/એ આવેલ છે. તે તરફ માપ મીટર ૭૧-૫૨ આવેલ છે. |
| દક્ષિણે | :- | ૧૫-૦૦ મીટર પહોળાઈનો ટી.પી. રોડ આવેલ છે. તે તરફ ગોળાઈ સહિત માપ મીટર ૭૧-૫૦ આવેલ છે. |
| પુર્વે | :- | ૧૨-૦૦ મીટર પહોળાઈનો ટી.પી. રોડ આવેલ છે. તે તરફ ગોળાઈ સહિત માપ મીટર ૪૮-૬૪ આવેલ છે. |
| પશ્ચિમે | :- | લાગુ એફ.પી. નં.૧૪-"એ" આવેલ છે. તે તરફ માપ મીટર ૪૮-૫૫ આવેલ છે. |

LALIT M. KALAVADIA
ADVOCATE
RAJKOT

Lalit M. Kalavadia
B.Com., L.L.B. (Advocate)

313, Shree Mahalaxmi Complex, Near K.K.V. Hall, Kalawad Road,
RAJKOT - 360 005. Phone : 0281-2586906 Cell : 98257 55629

Ref. No.: Date : 06-10-2020



ઉપરોક્ત પરિશિષ્ટ -(૧) વાળી મીલ્કત અંગેનો હીસ્ટ્રી રીપોર્ટ કમ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લખવા માટે અમારા પાસે રજુ કરવામાં આવેલ ટાઈટલ ડીડની અસલ ફાઈલ તથા સદરહુ ઈમારત અંગેના ટાઈટલ ડીડ રેવન્યુ રેકર્ડ તપાસેલ છે. તથા સદરહુ ઈમારત અંગે છેલ્લા (૩૦)-વર્ષની શોધ ફી રાજકોટ સબ-રજીસ્ટ્રાર ઓફીસ ઝોન-(૧) (વર્ષ-૧૯૮૯ થી ૧૯૯૮) રાજકોટનાં અરજી નં.૧૧૭૫૯, તા.૨૮/૦૯/૨૦૨૦ થી તથા સબ-રજીસ્ટ્રાર ઓફીસ ઝોન-(૨) (વર્ષ-૧૯૯૮ થી ૨૦૧૨) રાજકોટનાં અરજી નં.૧૧૯૩૪, તા.૨૮/૦૯/૨૦૨૦ થી તથા સબ-રજીસ્ટ્રાર ઓફીસ ઝોન-(૬) (વર્ષ-૨૦૧૨ થી ૨૦૨૦) રાજકોટનાં અરજી નં.૪૫૨૬, તા.૨૮/૦૯/૨૦૨૦ થી પહોંચ ભરીને સર્ચ કરતા માલુમ પડે છે કે સદરહુ પ્લોટની જમીન પર રહેણાંક હેતુની લો-રાઈઝડ(Dwelling-3 +Mercantile-1) વિંગ નં.**"એ"**, **"બી"**, **"સી"**, **"ડી"** તથા **"ઈ"** એમ કુલ પાંચ-(૫) ઈમારતોનું બાંધકામ કરવાનું આયોજન કરેલ છે. જે પરીયોજનાંને **"ફલોરા પ્રાઈમ"** નામ આપવામાં આવેલ છે. જે ઈમારતોની પરીયોજનાનાં હાલનાં માલીક **"સોનેટા રીયલ્ટી એલ.એલ.પી."** નાં નામથી ચાલતી ભાગીદારી પેઢી છે. સદરહુ ઈમારતો પર કોઈપણ પ્રકારનો બોજો નથી કે કોઈની જામીનમાં નથી જામીનગીરી સ્વીકારેલ નથી કે તેના ટાઈટલ ડીડને અસર કરે તેવા કલેઈમ થયેલ નથી. તે રીતે સદરહુ ઉપરોક્ત પરિશિષ્ટ-(૧) વાળી મીલ્કત ટાઈટલ કલીયર, લોનેબલ અને માર્કેટેબલ છે. તેનો આ હીસ્ટ્રી રીપોર્ટ કમ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લખી આપવામાં આવે છે.

સ્થળ :- રાજકોટ.
તારીખ :- ૦૬/10/૨૦૨૦.

x S. No. G/630/2002
**Lalit M. Kalavadia**
**Advocate**
**RAJKOT.**

LALIT M. KALAVADIA ADVOCATE RAJKOT

# અરજી પહોંચ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૨૦૧૭૨૦૫ | અરજી નંબર | ૧૧૭૫૯ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૨૯ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ   લલિત એમ. કાલાવડીયા (એડ)-શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી   રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી............Year: 1989 1998 | ૧૧૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |

| કુલ એકંદરે રૂ. | ૧૧૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો દસ પુરા

દસ્તાવેજ

----------- ના દિવસે તૈયાર થશે અને   તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------------- આવશે.

નકલ   કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

એમ.જે.રાજયગુરૂ
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

અંકે રૂ. : 110.00
20200928740926029
સબ રજીસ્ટ્રાર, રાજકોટ - ૧

IGR-NIC(G) 2676673197370043490 (W)   ૨૯/૦૯/૨૦૨૦   12:50:13

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : સર્વે નઃ345 પૈકી 1 પૈકી 1 ટી.પી.નઃ27 એફ.પી.નઃ18/2 સિંગલ યુનિટ જમીન-3407-00

Search in : મવડી /MAVDI

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૩૦૨૦૪૫૩ | અરજી નંબર | ૧૧૯૩૪ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૨૮ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ લલિત એમ.કાલાવડીયા (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......................................................... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................. | |
| શેરોની નકલ કરવા માટે ફી............................................ | |
| ટપાલ ખર્ચ................................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................ | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2012 | ૧૬૦.૦૦ |
| દંડ કલમ-૨૫.............................................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................................... | |
| નકલ ફી ફોલીયો.......................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .............................................................. | |
| કુલ એકંદરે રૂ. | ૧૬૦.૦૦ |

અંકે રૂપીયા એક સો સાઈઠ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

A. N. Dasani
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 2

અંકે રૂ. : 160.00

20200928752384127

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 2

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. 345 પૈકી 1 પૈકી 1 ટી.પી.નં. 27 એફ.પી.નં. 18/2 સિંગલ યુનીટ કુલ જમીન ચો.મી. 3407.00

Search in : Mavdi/Mavdi

પહોંચ નંબર ૨૦૨૦૩૨૬૦૧૧૧૫૨ અરજી નંબર ૪૫૨૬ અરજી વર્ષ ૨૦૨૦

તારીખ ૨૮ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૦

રજુ કરનારનું નામ લલિત એમ. કાલાવડીયા (શોધ)

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................ | |
| શેરોની નકલ કરવા માટે ફી.............................. | |
| ટપાલ ખર્ચ........................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )...................... | |
| શોધ અગર તપાસણી............Year: 2012 2020 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫........................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................ | |
| નકલ ફી ફોલીયો........................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................ | |
| કુલ અંકદર રૂ. | ૧૦૦.૦૦ |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-6 (MAVADI)

અંકે રૂપીયા એક સો શુન્ય પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

G.C.Barvadiya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 6 - મવડી

અંકે રૂ. : 100.00

20200928878849933

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 6 - મવડી